જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૭/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી, ૪૮૪ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૧ બિયર ટીન, ૦૩ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૨૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૨૭/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ યોગેશકુમાર કાંતીલાલ સોની (ઉ.વ.૫૪)(રહે.સિલ્વર હાર્મની–૨, આઈ.સી.બી ફલોરા સામે, શુકન ગ્લોરી રોડ, ગોતા) એ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૬/૨૦૨૬ થી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમના વોલડ્રોપના ખાનામાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૨૮,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

વેજલપુરઃ તોસીફ સ/ઓ મહંમદસલીમ શેખ (ઉ.વ.૪૦)(રહે.રાઠોડ ડુપ્લેક્ષ આમેના પાર્ક–૦૨ સમા સ્કુલ પાસે ફતેવાડી) એ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૬ થી તા.૨૩/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૩,૬૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ટી.પઠાણ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૨૮/૨૦૨૬**

સાબરમતીઃ સમજનાબહેન વા/ઓ સંજુવિકા ઉર્ફે દિપક કામી (ઉ.વ.૨૨)(રહે.સરસ્વતીનગર વિભાગ–૦૧, ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

આનંદનગરઃ અનીલભાઇ હિંમતભાઇ દંતાણી (ઉ.વ.૩૭)(રહે.કર્ણાવતીનગર સોસાયટી, પ્રહલાદનગર ફાયર સ્ટેશન પાસે, પ્રહલાદનગર આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જલદ પ્રવાહી પી લીધુ હતું સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૭/૨૦૨૬ કલાક ૧/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગાભાભાઇ ચલાવે છે.

ગોમતીપુરઃ અર્પિત સ/ઓ લાલજીભાઇ પરમાર (ઉ.વ.૨૪)(રહે.પી કસ્ટીયાની ચાલી, અશોકનગર સામે, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.જોષી ચલાવે છે.

અમરાઇવાડીઃ વિક્રમ સ/ઓ નરોત્તમભાઈ દંતાણી (ઉ.વ.૩૧)(રહે.મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૌશિકસિંહ દિપાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી